સરકારી વિજ્ઞાન કૉલેજમાં ઉદીશા પ્રકલ્પ અંતર્ગત વેબિનાર સીરીઝ



ગાંધીનગર, તા. ૧૮

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર કોલેજ દ્વારા અંતિમ વર્ષ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થી ઓ ને ભવિષ્ય મા ઈન્ટર્વ્યુ માટે ની તૈયારી કેમ કરવી તે અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુ થી ઉદીશા પ્રકલ્પ અંતર્ગત તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૨૧ થી ૨૩ જાન્યુઆરી, ૨૦૨૧ દરમિયાન "The seeds of success" નામે ઓનલાઇન વ્યાખ્યાન સીરીઝનું આયોજન કરવામાં આવેલ છે. આખુ સપ્તાહ ચાલનાર વેબિનાર સીરીઝનું આજ રોજ ઉદઘાટન કરવામાં આવેલ. સંસ્થા નાં આચાર્ય શ્રી ડૉ. એમ. જી. ભટ્ટ એ પ્રસંગોચિત ઉદબોધન કરતા અંગ્રેજી ભાષા તથા ઇન્ટર પર્સનલ સ્કીલ્સ નું મહત્વ સમજાવ્યું. ઉદઘાટન વક્તવ્ય નિમિતે નિવૃત કેપ્ટન જયદેવ જોશી (ભારતીય આર્મી)એ વિદ્યાર્થીઓ ને મિલિટરી અનુશાશન મુજબ વિવિધ ઉદાહરણના માધ્યમ થી ઈન્ટર્વ્યુ ને લગતા દરેક પાસા ની છણાવટ કરી. ઉદીશા પ્રકલ્પનાં ચેરમેન ડો. જિજ્ઞાસા ઠુંમર અને અન્ય કમીટી સભ્યો પ્રોફ. વિવેક દવે, ડો. રીટા ચુડાસમા, ડો. પૂજા શર્મા અને ડૉ. મયુરી બારોટ એ વિદ્યાર્થી ઓ ને આ ઓનલાઇન સેમિનાર નો આખું સપ્તાહ લાભ લેવા પ્રોત્સાહીત કરેલ છેં એવુ કોલેજની યાદીમાં જણાવ્યું હતું.

આઈઆઈટી ગાંધીનગર ખાતે ભારતીય સંગીતમાં શાસ્ત્રીય અને લોક પરંપરાઓ પર વાર્તાલાપ

૨૦ અને ૨૧ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ આયોજિત આ બંને વ્યાખ્યાનો ભારતભરની વિવિધ સંગીત પરંપરાઓ અને પ્રથાઓના સૈદ્ધાંતિક વિચારો અને ઐતિહાસિક વિકાસની છણાવટ કરશે

ગાંધીનગર, તા. ૧૮

ઈન્ડિયન નોલેજ સિસ્ટમ્સ (આઈકેએસ)ના વૈકલ્પિક કોર્સ હેઠળ વ્યાખ્યાનોની શ્રેણીના ભાગરૂપે, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) 'ભારતીય સંગીતઃ શાસ્ત્રીય અને લોક પરંપરાઓ વચ્ચેની આપ-લે' વિષય પર બે ઓનલાઈન ટોક આયોજિત કરવા જઈ રહ્યું છે. પ્રતિષ્ઠિત વિદ્વાન, અનુવાદક અને સંગીતકાર ડૉ શ્રીનિવાસ રેડ્ડી ૨૦ અને ૨૧ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ, ૩:૦૫ થી સાંજે ૪ વાગ્યે (IST) આ વ્યાખ્યાનો આપશે.

ડૉ શ્રીનિવાસ રેડ્ડીએ કલાસિકલ દક્ષિણ એશિયન ભાષાઓ અને સાહિત્યનો અભ્યાસ કર્યો છે અને હાલમાં તેઓ અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટી અને આઈઆઈટી ગાંધીનગરમાં ભણાવે છે. તે એક કોન્સર્ટ સિતારવાદક પણ છે અને પંડિત પાર્થ ચેટર્જી, જે મૈહર ઘરાનાના દિવંગત સિતારવાદક પંડિત નિખિલ બેનર્જીના વરિષ્ઠ શિષ્ય છે, તેમની પાસેથી પરંપરાગત ગુરુ-શિષ્ય પરંપરામાં અભ્યાસ કર્યો છે. ડૉ શ્રીનિવાસે કેટલાક નોંધપાત્ર પુસ્તકો પણ લખ્યાં છે, જેમાં રાયાઃ વિજયનગરના કૃષ્ણદેવરાય (૨૦૨૦), મેઘદૂતમઃ ધ ક્લાઉડ મેસેજ (૨૦૧૭), માલવિકાગ્નિમિત્રમઃ ધ ડાન્સર એન્ડ ધ કિંગ (૨૦૧૫), અને અમૂક્તમલ્યાદાઃ ગિવર ઓફ ધ વૉર્ન ગારલેન્ડ (૨૦૧૦) નો સમાવેશ થાય છે.

તેમની ટોકસમાં ડૉ શ્રીનિવાસ દેશભરની વિવિધ સંગીત પરંપરાઓ અને પ્રથાઓના સૈદ્ધાંતિક વિચારો અને ઐતિહાસિક વિકાસ વિશે વિસ્તૃત વર્ણન કરશે. ભારતીય સંગીત પર તેમની પ્રસ્તુતિના પ્રથમ ભાગમાં ભરતના નાટ્યશાસ્ત્ર, માતંગના બ્રહદ્દેસી, અને સારંગદેવના સંગીત રત્નાકર સહિતના સંગીત-શાસ્ત્ર સાહિત્યના પ્રેરણાત્મક ગ્રંથોમાં અભિવ્યક્ત કરવામાં આવેલા માર્ગ-દેસી ખ્યાલની સૈદ્ધાંતિક રચના અને ઐતિહાસિક વિકાસની છણાવટ કરવામાં આવશે.

જન્મદિને વધામણી

જિજ્ઞેશ રાવલ
સ્પેશિયલ એજ્યુકેટર
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦



ભવ્યા રાજન શાહ
મો. ૯૭૨૩૨ ૧૪૦૧૪

વિજયસિંહ વાઘેલા



ડો ગુલાબચંદ પટેલ
મો. ૮૮૪૯૭ ૯૪૩૭૭

સુનિલ રવિસિંહ રાજપૂત
મો. ૯૩૭૪૬૨૮૮૮૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ સંચાલિત

આરાધના વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનું પુનઃ આગમન

ગાંધીનગર, તા. ૧૮

આરાધના વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે આજે ઓફલાઈન ભણવા માટે કોરોના મહામારી પછીનો શાળાનો પ્રથમ દીન હતો. સૌપ્રથમ બાળકોને સેનેટાઈઝ તથા ટેમ્પરેચર મેઝરમેન્ટ વગેરે કરાવ્યા બાદ બાળકોની સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. સૌપ્રથમ પ્રાર્થના ત્યારબાદ રાષ્ટ્ર ગાન કર્યા બાદ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં ફેકલ્ટીઝ તથા વિદ્યાર્થીઓએ પોતાનો પરિચય આપી શરૂઆત કરી હતી. વિદ્યાર્થીઓને SOP ની ગાઈડ લાઈન, હાજરીનું મહત્વ સોશિયલ ડિસ્ટન્સીંગનુ પાલન તથા તેમને દરેક વિષયના અભ્યાસક્રમ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રખ્યાત સર્જન ડોક્ટર ભાગ્યેશભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવામાં આવી હતી. અને વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નો તેઓને પૂછી તેનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આમ શાળાના પ્રથમ દિને જીં ગાઈડલાઈનના પૂરેપૂરા પાલન સાથે વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક શાળામાં આવ્યા હતા.

એસ.એસ.વી. કેમ્પસ ખાતે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૮

હાલની કોરોનાની પરિસ્થિતિને લઈને બાળકો માટે ઘરે રહીને અભ્યાસ કરવો પણ મુશ્કેલ બન્યો છે, ત્યારે ગાંધીનગરની એસ.એસ.વી. શાળાના વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ ભૂલ્યા નથી. આ વર્ષે સ્વામી વિવેકાનંદની ૧૫૮ મી જન્મ જયંતી નિમિત્તે ભવ્ય ભારત ફાઉન્ડેશન દ્વારા 'Resurgent India Quiz Contest' યોજવવામાં આવી હતી. જેમાં શાળાના વિદ્યાર્થિઓએ સ્વામી વિવેકાનંદના જીવનપર આધારિત યોજેલી ઓનલાઈન ક્વીઝમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સર્ટિફિકેટ પણ મેળવ્યા હતા.

વેશભૂષા કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ દ્વારા ધોરણ-૧ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વેશભૂષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દૂધવાળો, ટીચર, શાકભાજી વાળો, ડૉક્ટર, પોલીસ વગેરે પાત્રો બન્યા હતા.

કાર્યક્રમનું સંચાલન સાહિલભાઈ લખવારા દ્વારા કરવમાં આવ્યું હતું.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ધાબળા વિતરણ

ગાંધીનગર, તા. ૧૮

સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે ભિલોડા તાલુકાના ગોઠ મુકામે ૬ ગામોના ૭૪ વનવાસી લાભાર્થીને ધાબળા આપવામાં આવ્યા હતા. આ સાથે ખજુરના પૅકેટ, ૩ કિગ્રા, ચોખા તતા પેરાસિટામોલની ગોળી આપવામાં આવી હતી. આ પછી ભેટાલી ચાર રસ્તા પાસે ૩ ગામોના ૨૦ લાભાર્થીઓને આવરી લેવાયા હતા. રુદ્રાલમાં ૩૪ વ્યક્તિને ફક્ત ૩ કિ.ગ્રા ચોખા આપ્યા હતા. આ સેવા કાર્યમાં કલ્યાણ જૈન સોશ્યલ ગ્રુપ સાબરમતીના કાર્યકર્તા, તુષાર તાકોલીયા, અનિલ પંચાલ, મિલિંદભાઈ સાથે હતા.

સદભાવ ટ્રસ્ટ, સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા શહેરના ફૂટપાથ પર સૂતેલા, ફૂટપાથની બાજુમાં જંગલ ખાતાના વૃક્ષો નીચે ખુલ્લી જમીન પર અને ખુલ્લા આકાશની નીચે સૂતેલા ઝુંપડા વિનાના શ્રમિકો - ગરીબોને ગરમ ધાબળા ઓઢાડવાનો કાર્યક્રમ યોજાયો હતો.

એસ.કે.પટેલ સ્કૂલમાં 'પિકનિક ડે' ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ કિંડરગાર્ડન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં પિકનિક ડે યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને પિકનિકનો વીડિયો બતાવીને પિકનિક વિષે માહિતગાર કરાવીને ખૂબ જ આનંદ કરાવ્યો હતો.

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં સ્વામી વિવેકાનંદની ૧૫૮મી જન્મજયંતિ પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવી હતી.

રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શ્રેષ્ઠ શિક્ષક સ્વ. ઈન્દુમતીબેન નિમાવતનો જન્મદિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સૌપ્રથમ રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શ્રેષ્ઠ શિક્ષક સ્વ. ઈન્દુમતીબેન નોતમલાલ નિમાવતના જન્મદિવસની તેમના પરિવારજનોએ અનોખા અંદાજમાં ઉજવણી કરી હતી. સેવાક્ષેત્રે વિશેષ કામગીરી કરનાર ડૉ. સુરેન્દ્ર દ્વિવેદી, ડૉ. હાર્દિક તલાટી, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, ગાયલ બેલડી જયોતિ ગજ્જર-ભરત ગજ્જ અને રાધે રાધે પરિવારને સ્વ. ઈન્દુમતીબેનના સુપુત્ર કશ્યપ નિમાવતના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા અને આભારની લાગણી વ્યકત કરવામાં આવી.